J-002-002305 Seat No. ________

# M. Com. (Sem. III) (CBCS) Examination

**December - 2019**

## Advanced Cost & Financial Accounting : Paper - IV

*(Old Course)*

**Faculty Code : 002**
**Subject Code : 002305**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (1) બધા જ પ્રશ્નોના જવાબ આપો.
(2) દરેક પ્રશ્નના ગુણ જમણી બાજુ દર્શાવવામાં આવેલ છે.

1 KKR કંપની લિ. પોતાનું ઉત્પાદન પીપ દ્વારા ગ્રાહકોને વેચે છે. દરેક પીપની કિંમત રૂ. 160 આંકવામાં આવે છે. ગ્રાહકોને મોકલે ત્યારે પીપ દીઠ રૂ. 320 ઉધારે છે અને ગ્રાહક માલની ડિલિવરીથી 8 અઠવાડિયામાં પરત કરે તો રૂ. 200 લેખે જમા આપે છે. કંપનીના ચોપડામાંથી નીચેની માહિતી મળે છે : **20**

| વિગત | પીપની સંખ્યા |
|---|---|
| તા. 1-4-2018ના રોજ કંપની પાસે સ્ટૉક | 8,000 |
| તા. 1-4-2018ના રોજ ગ્રાહક પાસે સ્ટૉક | 16,800 |
| વર્ષ દરમ્યાન ગ્રાહકોને મોકલેલ પીપ | 25,600 |
| વર્ષ દરમ્યાન ગ્રાહકોએ પરત કરેલ પીપ | 18,400 |
| અકસ્માતના કારણે નાશ પામેલ પીપ. (દાવા પેટે વીમા કંપનીએ રૂ. 1600 ચૂકવ્યા) | 320 |
| ભંગારમાં કાઢી નાખેલ પીપ (ભંગારના ઉપજયા રૂ. 8,000) | 280 |
| પીપનો સમારકામ ખર્ચ | રૂ. 16,000 |
| કુલ નવા પીપની વર્ષ દરમિયાન ખરીદી (પ્રતિ રૂ. 300 લેખે) | 12,000 |

તા. 31-3-2019ના રોજ ગ્રાહકો પાસે 14,400 પીપ પરત કરવાપાત્ર હતા. KKR કંપની લિ.ના ચોપડે ''પીપનું વેપાર ખાતું'' અને ''પીપની જોગવાઈનું ખાતું'' બનાવો.

**અથવા**

1 RCB લિમિટેડ પોતાનો માલ પરત થઈ શકે તેવા પાત્રોમાં વેચે છે. પોતાના ગ્રાહકો ખાતે પાત્રદીઠ રૂ. 50 લેખે ઉધારે છે. જો ગ્રાહક છ અઠવાડિયામાં પાત્રો પરત કરે તો તેમને પાત્ર દીઠ રૂ. 40 જમા આપવામાં આવે છે. તા. 1-4-2018ના રોજ કારખાનામાં રહેલ પાત્રોની સંખ્યા 500 હતી અને ગ્રાહકો પાસે રહેલ પાત્રોની સંખ્યા 800 હતી. પાત્રોના દેવાદારો ખાતાની શરૂઆતની બાકી રૂ. 48,000 હતી. 2018-19નાં વર્ષને લગતી નીચેની માહિતી કંપનીના ચોપડે ઉપલબ્ધ છે. **20**

(1) 1,200 પાત્રો રૂ. 30ની કિંમતે ખરીદવામાં આવ્યા હતા.

(2) 2,100 પાત્રો ગ્રાહકોને મોકલવામાં આવ્યા હતા.

(3) 1,800 પાત્રો ગ્રાહકોએ પરત કરેલ છે.

(4) 100 પાત્રો આગથી નાશ પામેલ છે.

(5) 40 પાત્રો ભંગાર તરીકે રૂ. 200 માં વેચવામાં આવેલ છે.

(6) તા. 31-3-2019ના રોજ ગ્રાહકો પાસે પરત થઈ શકે તેવા પાત્રો 700 હતા. ગ્રાહકો પાસેથી મળેલ રોકડ રૂ. 32,000.

(7) પાત્રોનો બધો સ્ટૉક દરેક રૂ. 20 લેખે આંકવામાં આવે છે.

તા. 31-3-2019નાં રોજ પૂરા થતા વર્ષ માટે RCB લિ.ના ચોપડે પાત્રોનું સ્ટૉક ખાતું, પાત્રોનું અનામત ખાતું અને પાત્રોનું દેવાદારોનું ખાતું તૈયાર કરો.

2 ગુજરાત લિમિટેડનું તા. 1-4-2018ના રોજનું કાચું-સરવૈયું નીચે મુજબ હતું : **20**

| **વિગત** | **ઉધાર રકમ (રૂ.)** | **જમા રકમ (રૂ.)** |
|---|---|---|
| શૅરમૂડી | – | 40,000 |
| ઘસારાની જોગવાઈ ખાતું | – | 2,500 |
| નફા-નુકસાન ખાતું | – | 16,000 |
| કાયમી મિલકતો | 27,500 | – |
| દેવાદારોલ | 6,000 | – |
| લેણદારો | – | 4,000 |
| માલસામાન ખાતાવહી નિયંત્રણ ખાતું | 9,000 | – |
| ચાલુ કામ ખાતાવહી નિયંત્રણ ખાતું | 8,500 | – |
| તૈયાર માલ ખાતાવહી નિયંત્રણ ખાતું | 6,500 | – |
| બૅંક સિલક | 5,000 | – |
| | **62,500** | **62,500** |

તા. 31-03-2019ના રોજ પૂરા થતા વર્ષના તેના વ્યવહારો નીચે મુજબ હતા :

| **વ્યવહારો** | **રકમ (રૂ.)** |
|---|---:|
| માલસામાનની ઉધાર ખરીદી | 50,000 |
| ઉત્પાદન અંગે આપેલ માલસામાન | 55,000 |
| સમારકામ અંગે આપેલ માલસામાન | 1,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 43,500 |
| પરોક્ષ મજૂરી | 2,500 |
| તૈયાર થયેલ માલની પડતર | 1,07,500 |
| વેચેલ માલની પડતર | 1,10,000 |
| ઉધાર વેચાણ | 1,50,000 |
| કારખાના પરોક્ષ ખર્ચની વસુલાત | 24,000 |
| કારખાના પરોક્ષ ખર્ચ ચેકથી ચૂકવ્યા | 20,000 |
| વહીવટી પરોક્ષ ખર્ચ ચેકથી ચૂકવ્યા | 6,000 |
| વેચાણ વિતરણ પરોક્ષ ખર્ચ ચેકથી ચૂકવ્યા | 7,000 |
| કાયમી મિલકતનો ઘસારો | 650 |
| લેણદારોને નાણાં ચૂકવ્યા | 50,500 |
| દેવાદારો પાસેથી નાણાં મળ્યા | 1,45,000 |
| અગાઉથી ચૂકવેલ વેરો (કારખાના પરોક્ષ ખર્ચ સમાયેલ) | 150 |
| કાયમી મિલકતોની ખરીદી | 1,000 |
| ધર્માદો | 500 |
| ચૂકવેલ દંડ | 250 |
| બેંક લોન પર વ્યાજ | 50 |
| આવકવેરા | 10,000 |

ઉપરની માહિતી પરથી સંકલિત હિસાબી પદ્ધતિ મુજબ તા. 31-03-2019ના રોજનું ગુજરાત લિમિટેડનું કાચું-સરવૈયું અને અન્ય જરૂરી ખાતાઓ તૈયાર કરો.

**અથવા**

2 મહારાષ્ટ્ર લિમિટેડ તેના હિસાબો સંકલિત હિસાબી પદ્ધતિ મુજબ રાખે છે. **20**

તા. 01-04-2018 રોજનું કાચું-સરવૈયું નીચે મુજબ હતું :

| **વિગત** | **ઉધાર** **રકમ (રૂ.)** | **જમા** **રકમ (રૂ.)** |
|---|---|---|
| શૅર મૂડી | – | 1,60,000 |
| નફા-નુકસાન ખાતું | – | 19,200 |
| માલસામાન ખાતાવહી નિયંત્રણ ખાતું | 29,600 | – |
| ચાલુ કામ ખાતાવહી નિયંત્રણ ખાતું | 28,000 | – |
| તૈયાર માલ ખાતાવહી નિયંત્રણ ખાતું | 20,000 | – |
| કાયમી મિલકતો | 88,000 | – |
| ઘસારાની જોગવાઈ ખાતું | – | 8,000 |
| બેંક સિલક | 16,000 | – |
| દેવાદારો | 18,400 | – |
| લેણદારો | – | 12,800 |
| | **2,00,000** | **2,00,000** |

તા. 31-03-2019ના રોજ પૂરા થતા વર્ષના તેના વ્યવહારો નીચે મુજબ હતા :

| **વ્યવહારો** | **રકમ (રૂ.)** |
|---|---|
| ચેકથી ચૂકવેલ મજૂરી - પ્રત્યક્ષ | 1,36,000 |
| - પરોક્ષ | 8,000 |
| માલસામાનની શાખ પર ખરીદી | 1,60,000 |
| ઉત્પાદન અંગે આપેલ માલસામાન | 1,76,000 |
| સમારકામ અંગે આપેલ માલસામાન | 3,200 |
| કારખાના પરોક્ષ ખર્ચ ચેકથી ચૂકવ્યા | 64,000 |
| વહીવટી પરોક્ષ ખર્ચ ચેકથી ચૂકવ્યા | 19,200 |
| વેચાણ વિતરણ પરોક્ષ ખર્ચ ચેકથી ચૂકવ્યા | 22,400 |

| | |
|---|---|
| કારખાના પરોક્ષ ખર્ચની વસુલાત | 76,800 |
| યંત્ર પર ઘસારો | 2,240 |
| અગાઉથી ચૂકવેલ વેરો (કારખાના પરોક્ષ ખર્ચ સમાયેલ) | 640 |
| યંત્રની ખરીદી | 8,000 |
| આવકવેરો ચેકથી ચૂકવ્યો | 16,000 |
| લેણદારોને ચેકથી ચૂકવ્યા | 1,60,000 |
| દેવાદારો પાસેથી ચેકથી મળ્યા | 4,64,000 |
| વર્ષ દરમિયાન તૈયાર થયેલ માલ | 3,44,000 |
| વેચેલ માલની પડતર | 3,52,000 |
| ઉધાર વેચાણ | 4,80,000 |

ઉપરની માહિતી પરથી સંકલિત હિસાબી પદ્ધતિ મુજબ તા. 31-03-2019ના રોજનું મહારાષ્ટ્ર લિમિટેડનું કાચું-સરવૈયું અને અન્ય જરૂરી ખાતાઓ તૈયાર કરો.

**3** ધોની લિમિટેડના ચોપડામાંથી તા. 1-4-2018ના રોજની નીચે પ્રમાણેની બાકીઓ મળી હતી : **15**

| **વિગત** | **ઉધાર** રકમ (રૂ.) | **જમા** રકમ (રૂ.) |
|---|---|---|
| માલસામાન ખાતાવહી નિયંત્રણ ખાતું | 1,35,240 | – |
| ચાલુ કામ ખાતાવહી નિયંત્રણ ખાતું | 1,17,820 | – |
| તૈયાર માલ ખાતાવહી નિયંત્રણ ખાતું | 96,380 | – |
| કારખાના ખર્ચ ઉપલક ખાતું | 16,860 | – |
| વહીવટી ખર્ચ ઉપલક ખાતું | 9,560 | – |
| સામાન્ય ખાતાવહી નિયંત્રણ ખાતું | – | 3,75,860 |
| | **3,75,860** | **3,75,860** |

તા. 31-03-2019ના રોજ પૂરા થતા વર્ષના તેના વ્યવહારો નીચે મુજબ હતા :

| **વ્યવહારો** | **રકમ (રૂ.)** |
|---|---|
| માલસામાનની ખરીદી | 11,72,660 |
| ઉત્પાદન ખાતે માલસામાનની જાવક | 11,33,220 |
| માલસામાનની કારખાનાની જાળવણી ખાતે જાવક | 34,230 |
| વેતન ચૂકવેલ | 1,74,520 |
| ઉત્પાદન વેતન | 1,50,000 |
| પરોક્ષ વેતન | 24,520 |
| વેચેલ તૈયાર માલની પડતર | 15,85,700 |
| વેચાણ ખર્ચ ચૂકવેલ | 65,200 |
| આવક માલ ગાડા ભાડું | 11,600 |
| ઉત્પાદનમાંથી વસુલ કરેલ કારખાના પરોક્ષ ખર્ચ | 1,21,840 |
| કારખાના પરોક્ષ ખર્ચની અધૂરા કામ ખાતે ફાળવણી | 4,000 |
| વહીવટી પરોક્ષ ખર્ચની અધૂરા કામ ખાતે ફાળવણી | 2,500 |
| ચૂકવેલ કારખાના ખર્ચ | 78,300 |
| ચૂકવેલ વહીવટી ખર્ચ | 1,16,240 |
| તૈયાર માલમાંથી વસુલ કરેલ વહીવટી પરોક્ષ ખર્ચ | 1,21,840 |
| વર્ષ દરમ્યાન તૈયાર માલનું ઉત્પાદન | 14,36,000 |
| વેચાણ | 19,52,500 |

ઉપરની માહિતી પરથી પડતર ખાતાવહીમાં જરૂરી ખાતાઓ અને તા. 31-03-2019ના રોજનું કાચું-સરવૈયું તૈયાર કરો.

**અથવા**

3 આંતરપેઢી તુલના એટલે શું ? આંતરપેઢી તુલનાના હેતુઓ સમજાવો. **15**

4 ટૂંકનોંધ લખો : (ગમે તે **ત્રણ**) **15**

(1) સમાન પડતર પદ્ધતિના અમલ માટેની આવશ્યક પૂર્વશરતો.

(2) આંતર પેઢી તુલનાની જરૂરિયાતો

(3) ભારતીય હિસાબી ધોરણ - 10 ''કાયમી મિલકતો અંગેના હિસાબો.''

(4) ભારતીય હિસાબી ધોરણ - 13 ''રોકાણોના હિસાબો''

(5) ભારતીય હિસાબી ધોરણ - 16 ''ઉછીની મૂડીની પડતર''

(6) ભારતીય હિસાબી ધોરણ - 22 ''આવક ઉપરના કરવેરા અંગેના હિસાબો.''

## ENGLISH VERSION

**Instructions :** (1) Give answer of all the questions.
(2) Figures on right side show marks of each question

1 KKR Company Ltd. sales its production in drums to its customers each drum is valued at price of Rs. 160, when they sent customers accounts debited to Rs. 320. Rs. 200 is being given credit to its customers if they are returned the drum within 8 weeks from the date of, delivery. The following details are available from the books of the company. **20**

| **Particulars** | **No. of Drums** |
|---|---|
| Stock with company as on 1-4-2018 | 8,000 |
| Stock with customers as on 1-4-2018 | 16,800 |
| Drums sent to customers during the year | 25,600 |
| Drums returned by customers during the year | 18,400 |
| Drum destroyed due to accident (Insurance company paid Rs. 1600 for claim) | 320 |
| Scrapped drums (Amount received from scrapped drums Rs. 8,000) | 280 |
| Repairing expenses of drums | Rs. 16,000 |
| Total new drums purchased during the year (At Rs. 300 per drum) | 12,000 |

There were 14,400 returnable drums with customers as on 31-3-2019. Prepare "Drums Trading Account" and "'Drums Reserve Account" in the books of KKR Company Ltd.

**OR**

1 RCB Ltd. sales its product in returnable containers which are charged at Rs. 50 to its customers. If customers return containers within six-weeks they are credited worth Rs. 40 per container. On 1-4-2018 the number of containers in the factory were 500 and with customers 800 containers. Containers debtors accounts opening balance is Rs. 48,000. The following particulars for the year 2018-19 are available from the books of company. **20**

(1) 1,200 containers were purchased at Rs. 30.

(2) 2,100 containers were sent to customers.

(3) 1,800 containers were returned by customers.

(4) 100 containers were destroyed by fire.

(5) 40 containers were sold as scrap for Rs. 200.

(6) 700 containers were returnable with customers on 31-3-2019. Customers have paid cash Rs. 32,000.

(7) All the stock of containers was valued at Rs. 20 each.

Prepare Containers Stock Account, Containers Reserve Account and Containers debtors account at the year ending 31-3-2019 in the books of RCB Ltd..

**2** The Trial Balance of Gujarat Ltd. as on 01-04-2018 was as under : **20**

| **Particulars** | **Debit Rs.** | **Credit Rs.** |
|---|---|---|
| Share capital | – | 40,000 |
| Depreciation fund account | – | 2,500 |
| Profit & loss account | – | 16,000 |
| Fixed assets | 27,500 | – |
| Debtors | 6,000 | – |
| Creditors | – | 4,000 |
| Stores ledger control account | 9,000 | – |
| Work-in-Progress ledger control account | 8,500 | – |
| Finished goods ledger control account | 6,500 | – |
| Bank balance | 5,000 | – |
| | **62,500** | **62,500** |

Following were the transactions for the year ended on 31-03-2019 :

| Transactions | Rs. |
|---|---|
| Material purchased on credit | 50,000 |
| Material issued to production | 55,000 |
| Material issued to repair orders | 1,000 |
| Direct labour | 43,500 |
| Indirect labour | 2,500 |
| Finished goods at cost | 1,07,500 |
| Cost of sales | 1,10,000 |
| Credit sales | 1,50,000 |
| Allocation of factory overhead | 24,000 |
| Factory overhead paid by cheque | 20,000 |
| Administrative overhead paid by cheque | 6,000 |
| Selling and distribution overhead paid by cheque | 7,000 |
| Depreciation on fixed assets | 650 |
| Payment to creditors | 50,500 |
| Amount received from debtors | 1,45,000 |
| Prepaid taxes included in factory overheads | 150 |
| Purchase of fixed assets | 1,000 |
| Donation | 500 |
| Payment of fine | 250 |
| Interest on bank loan | 50 |
| Income tax | 10,000 |

From the above information prepare trial balance of Gujarat Ltd. as on 31-03-2019 and other required accounts as per integrated accounting system.

**OR**

2 Maharashtra Ltd. maintains their accounts as per integrated accounting system. The Trial Balance as on 01-04-2018 was as under : **20**

| **Particular** | **Debit (Rs.)** | **Credit (Rs.)** |
|---|---|---|
| Share capital | – | 1,60,000 |
| P & L account | – | 19,200 |
| Stores ledger control account | 29,600 | – |
| Work-in-Progress ledger control account | 28,000 | – |
| Finished goods ledger control account | 20,000 | – |
| Fixed assets | 88,000 | – |
| Depreciation fund account | – | 8,000 |
| Bank balance | 16,000 | – |
| Debtors | 18,400 | – |
| Creditors | – | 12,800 |
| | **2,00,000** | **2,00,000** |

Following were the transactions for the year ended on 31-03-2019 :

| **Transactions** | **Rs.** |
|---|---|
| Wages paid by cheque | |
| - Direct | 1,36,000 |
| - Indirect | 8,000 |
| Material purchased on credit | 1,60,000 |
| Material issued for production | 1,76,000 |
| Material issued for maintenance | 3,200 |
| Factory overhead paid by cheque | 64,000 |
| Administrative overhead paid by cheque | 19,200 |
| Selling and distribution overhead paid by cheque | 22,400 |
| Absorption of factory overheads | 76,800 |
| Depreciation on Machinery | 2,240 |
| Prepaid rent included in production overheads | 640 |
| Purchase of Machinery | 8,000 |
| Income-tax paid by cheque | 16,000 |
| Paid to creditors by cheque | 1,60,000 |
| Collection received from debtors by cheque | 4,64,000 |
| Finished goods produced during the year | 3,44,000 |
| Cost of sales at cost price | 3,52,000 |
| Sales on credit | 4,80,000 |

From the above information prepare trial balance of Maharashtra Ltd. as on 31-03-2019 and other required accounts as per integrated accounting system.

3 Following are the balances obtained from the books of Dhoni Ltd. as on 01-04-2018 : **15**

| **Particulars** | **Debit (Rs.)** | **Credit (Rs.)** |
|---|---|---|
| Material ledger control account | 1,35,240 | – |
| Work-in- progress ledger control account | 1,17,820 | – |
| Finished goods ledger control account | 96,380 | – |
| Factory overhead suspense account | 16,860 | – |
| Administrative overhead suspense account | 9,560 | – |
| General ledger control account | – | 3,75,860 |
| | **3,75,860** | **3,75,860** |

Following were the transactions for the year ended on 31-03-2019 :

| **Transactions** | **Rs.** |
|---|---|
| Purchase of material | 11,72,660 |
| Material issued for production | 11,33,220 |
| Material issued to factory for maintenance | 34,230 |
| Wages paid | 1,74,520 |
| Productive wages | 1,50,000 |
| Indirect wages | 24,520 |
| Cost of sales for finished goods | 15,85,700 |
| Selling overhead paid | 65,200 |
| Carriage inward | 11,600 |
| Absorption of factory overheads from production | 1,21,840 |

| | |
|---|---|
| Allocation of factory overhead to incomplete work | 4,000 |
| Allocation of administrative overhead to incomplete work | 2,500 |
| Factory overhead paid | 78,300 |
| Administrative overhead paid | 1,16,240 |
| Absorption of administrative overheads from finished goods | 1,21,840 |
| Cost of finished goods during the year | 14,36,000 |
| Sales | 19,52,500 |

From the above information prepare necessary accounts in the cost ledger and trial balance as on 31-03-2019.

**OR**

3 What is inter firm comparison? Explain the objectives of Inter firm comparison. **15**

4 Write short notes : (Any **Three**) **15**

(1) Pre-Requisites to implement uniform costing

(2) Need of Inter firm comparison

(3) Indian Accounting Standard - 10 "'Accounting for Fixed Assets"'

(4) Indian Accounting Standard - 13 "Accounting for investment"

(5) Indian Accounting Standard - 16 "Borrowing Cost"

(6) Indian Accounting Standard -22 "Accounting for Taxes on Income"